**<u>સ્પે. દિવાની દાવા નં. ૧૬/૨૦૧૬</u>**

**<u>આંક–૩૩ ની અરજી લગત હુકમ :</u>**

(૧) અરજી વંચાણે લીધી. તથા પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૨) આ કામે પ્રતિવાદી નં.૩ ના વિધ્વાન વકીલશ્રી ધ્વારા હાલની અરજ ગુજારી રજુઆત કરેલ છે કે, વાદીએ જે દાવો કરેલ છે અને તેમાં જે વેચાણ દસ્તાવેજનો ઉલ્લેખ છે તેની તારીખથી ત્રણ વર્ષની અંદરમાં વાદીએ દાવો કરવાનો રહે છે. પરંતુ આ મુદત વિતી ગયા બાદ હાલનો દાવો વાદીએ કરેલ છે. અને તે રીતે વાદીનો દાવો લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબ બાર્ડ બાય લો છે. આ ઉપરાંત વાદીએ જે નોંધોને રદ કરવાની દાદ માંગેલ છે તે સંદર્ભે બોમ્બે રેવન્યુ જયુરીડીકશન એકટની જોગવાઈ મુજબ રેવન્યુ સતાવાળા સમક્ષ દાદ માંગી શકે છે અને આ સંદર્ભે સિવીલ કોર્ટને કોઈ હકુમત નથી. તેથી પણ વાદીની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર–૭ રુલ–૧૧(ડી) મુજબ ટકવાપાત્ર ન હોઈ વાદીની દાવા અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૩) જયારે વાદી પક્ષે એવી રજુઆત છે કે, લીમીટેશનનો મુદો એ કાયદાનો અને હકીકતનો મીશ્ર પ્રશ્ન છે અને તે માટે પુરાવો લેવો આવશ્યક છે. તેમજ વાદીએ હાલનો જે દાવો રજુ કરેલ છે તેની દાદ જોતાં અત્રેની સિવીલ કોર્ટને જ હકુમત રહેલી છે. તેથી પ્રતિવાદી નં.૩ તરફેની હાલની અરજી માત્ર કેસની કાર્યવાહી લંબાવવા બદઈરાદાથી આપેલ હોઈ હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

(૪) આ કામે બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં તેમજ વાદીની દાવા અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં તથા વાદીએ દાવા અરજીમાં જે દાદ માંગેલ

છે તે વંચાણે લેતાં વાદીનો હાલનો દાવો ચલાવવા માટે અત્રેની સિવીલ કોર્ટને હકુમત રહેલી છે. તેથી બોમ્બે રેવન્યુ જયુરીડીકશન એકટની જોગવાઈઓ આ કોર્ટને કોઈ બાધ નડતો નથી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૩ તરફે લીમીટેશનનો મુદો ઉપસ્થિત કરેલ છે. પરંતુ વાદીની દાવા અરજી જોતાં વાદીએ હાલનો દાવો કરવા માટેનું જે કારણ જણાવેલ છે તથા નામદાર સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પણ લીમીટેશનનો મુદો એ કાયદાનો અને હકીકતનો મીકસ પ્રશ્ન છે અને તેનો ન્યાય નિર્ણય પુરાવો લીધા બાદ જ નકકી થઈ શકે. તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૩ તરફેની હાલની અરજી ટકવાપાત્ર ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. પ્રતિવાદી નં.૩ તરફેની હાલની આંક-૩૩ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.ર૭મી, માહે ડીસેમ્બર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/-

તા.ર૭/૧૨/૨૦૧૮
ભુજ-કચ્છ

**(જે.એ. દવે)**
ત્રીજા અધિક સિનીયર સિવીલ જજ
ભુજ-કચ્છ